


કોરોના સામેના જંગમાં
સતત લડતા
ગાંધીનગર શહેર - જિલ્લાના

તમામ આરોગ્ય કર્મીઓને...
તમામ પોલીસ કર્મીઓને...
તમામ સફાઈ કર્મીઓને...
વંદન છે... અભિનંદન છે...

हरि GROUP
S.R INFRACON
VIHAAN GROUP
UPASANA INFRAPROJECT PVT. LTD.
NARAYANI HEIGHTS HOTEL AND CLUB
Dr. Gaglani's Info KIDS THE KIDS UNIVERSITY Pre-school & Day Care
tps The Property Shop
apex electronics
मधुर
WESTERN SEEDS Since 1983 "MORE FOR ALL"
BY GAGLANI & CO. 56 bhog The Taste Temple
Total Solution of Printing ક્વોલિટી આર્ટ પ્રિન્ટરી

ઘરમાં રહીએ... સુરક્ષિત રહીએ...


### જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં

# કોરોનાના સંક્રમણને અટકાવવા સ્વભંડોળમાંથી ૭૭ લાખ ફળવાયા

**પંચાયતોને વસ્તીના ધોરણે આ ગ્રાન્ટ ફાળવવામાં આવશે : ૧૦ હજારથી ૪૫ હજાર સુધીના ખર્ચની જોગવાઈ : ગ્રામ આરોગ્ય એ જ સરકારની અગ્રતા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૭૬ લાખ ૯૦ હજારની માતબર રકમ મંજૂર કરી છે. જો કે આ માટે ખાસ માર્ગદર્શિકા પણ પંચાયતે તૈયાર કરી છે. આ માર્ગદર્શિકા પ્રમાણે જ આ નાણાંનો ખર્ચ કરી શકાશે.

પંચાયતના અત્યંત વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે આ નાણાંના વપરાશ અને ફાળવણી માટે વસ્તીનું માપદંડ નિયત કરવામાં આવ્યુ છે એટલુ જ નહિ આ ખર્ચમાં પણ જરૂરી મંજૂરી મેળવવાનું પ્રાવધાન પણ રાખવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતે પ્રથમ તબક્કામાં ૫૦ ટકા રકમની ફાળવણી કરી અને તાલુકા વિકાસ અધિકારીઓ હસ્તક મુકી દીધી છે જે હવે તમામ પંચાયતોને વસ્તીના માપદંડ પ્રમાણે ફાળવી દેવામાં આવશે.

### કયા તાલુકાની કેટલી ગ્રામ પંચાયત અને રકમની ફાળવણી કરાઈ

| તાલુકાનું નામ | ગ્રામ પંચાયતની સંખ્યા | કુલ ગ્રાન્ટની રકમ | ૫૦ ટકા-પ્રથમ હપ્તાની રકમ |
|---|---|---|---|
| કલોલ | ૬૯ | ૧૮,૩૫,૦૦૦ | ૯,૧૭,૫૦૦ |
| ગાંધીનગર | ૭૪ | ૨૧,૫૦,૦૦૦ | ૧૦,૭૫,૦૦૦ |
| દહેગામ | ૯૩ | ૨૧,૦૦,૦૦૦ | ૧૦,૫૦,૦૦૦ |
| માણસા | ૬૭ | ૧૬,૦૫,૦૦૦ | ૮,૦૨,૫૦૦ |

### કઈ ગ્રામ પંચાયતને કેટલી રકમ

| ગામની વસ્તીનું ધોરણ | રકમ |
|---|---|
| ૦ થી ૧૦૦૦ | ૧૦,૦૦૦ રૂ. |
| ૧૦૦૦ થી ૨૦૦૦ | ૧૫,૦૦૦ રૂ. |
| ૨૦૦૧ થી ૩૦૦૦ | ૨૫,૦૦૦ રૂ. |
| ૩૦૦૧ થી ૫૦૦૦ | ૩૫,૦૦૦ રૂ. |
| ૫૦૦૧ થી વધુ | ૪૫,૦૦૦ રૂ. |

● અનુસંધાન પાન-૭ પર



ભારત જેવા કૃષિ પ્રધાન દેશમાં સારો વરસાદ ખૂબ જ અનિવાર્ય છે. મોટાભાગની આર્થિક ગતિવિધિઓ વરસાદ આધારિત હોવાથી તેના વિશે દર વર્ષે જાતભાતના અનુમાન કરવામાં આવે છે. હવામાન કેવુ રહેશે તે તો હવામાન વિભાગ કરે જ છે. પરંતુ ભારતમાં હોળીની ઝાળ, અમુક ચોક્કસ દિવસોએ પવનની દિશા અને ગતિના આધારે વરસાદની આગાહી ખેડૂતો, હવામાનશાસ્ત્રીઓ અને જ્યોતિષીઓ કરે છે. વરસાદના આગમનના એંધાણ અને આગાહી સાથે અનેક પશુ-પંખીઓની ગતિવિધિને પણ સાંકળી લેવામાં આવે છે. તેમાંય ટીટોડી નામના પંખીના ઇંડાઓ ક્યાં મૂકાયા છે તેના આધારે પણ વરસાદનો વર્તારો કરવામાં આવે છે. તસવીરમાં દેખાતા ઇંડા ટીંટોડીના છે અને તે જમીન પર મુકવામાં આવ્યા છે. જોઈએ આ વર્ષે મેઘરાજા કેવી મહેર કરે છે.

# એસઆરપીમાં ફરજ બજાવતો હાલીસાનો યુવાન કોરોનામાં સપડાયો

**તંત્ર દ્વારા ૮ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ ખાતે એસ.આર.પી. જવાન તરીકે ફરજો બજાવતા હાલીસાના એક યુવકને કોરોના પોઝીટીવ જણાતાં જિલ્લા-તાલુકાનુ આરોગ્યતંત્ર દોડતુ થયુ છે.

મળતી વિગતો પ્રમાણે આ એસ.આર.પી. જવાનના નજીકના ૮ જેટલા લોકોને તંત્ર દ્વારા ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે. જેમાં ૪ લોકોને ગાંધીનગરના કોબા નજીકના પ્રેક્ષાભારતીના ક્વોરોન્ટાઈન સેન્ટરમાં અને ૪ ને દહેગામ નજીકના એક ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવામાં આવ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ આ તાલુકાના ઈનસીડન્ટ કમાન્ડર વદર તેમજ અન્ય અધિકારીઓએ હાલીસા ખાતે મુલાકાત લઈ અને આરોગ્યતંત્રને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. તંત્ર દ્વારા આ અંગેની જરૂરી કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૬ કેસ નોંધાયા છે. આ કેસ પણ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ગણવામાં આવેલ છે. જો કે તંત્ર દ્વારા તમામ આનુસંગિક કામગીરી હાલીસા ખાતે હાથ ધરવામાં આવી છે.

# લ્યો બોલો...શહેરમાં ૬ દિવસમાં કોરોનાના માત્ર ૯૧ ટેસ્ટ થયા !!

**શહેરમાં હાલ કોરોનાનો એક પણ પોઝીટીવ કેસ નથી પરંતુ સેક્ટરની વસતી મુજબ ટેસ્ટ પુરતા પ્રમાણમાં થતા નથી : અત્યાર સુધી થયેલા ટેસ્ટનુ પ્રમાણ નહીંવત**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોરોના મુકત જાહેર કરાયુ છે.ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૭ કેસ નોંધાયા છે જયારે અત્યાર સુધી ૨ વ્યકિતઓના મોત નિપજયા છે. છેલ્લા ૬ દિવસમાં શહેરમાં કોરોનાના માત્ર ૯૧ ટેસ્ટ થયા છે સેકટરની વસતી મુજબ કોરોનાની મહામારી વેળાએ આ ટેસ્ટીંગ પુરતુ નથી. સેકટરોમાં વધુ ટેસ્ટ થાય તે અનિવાર્ય છે.

ગાંધીનગરમાં હાલ કોરોનાનો એક પણ પોઝીટીવ દર્દી નથી. જયારે ટુંકા સમયગાળામાં જ કોરોના મુકત ગાંધીનગરમાં ફરીથી કોરોનાનુ સંક્રમણ વધે નહીં તે મામલે તંત્ર વધુ જાગૃત છે. પરંતુ હજુ સુધી શહેરના સેકટરોમાં રેન્ડમ ટેસ્ટીંગ શરૂ કરાયુ નથી. અલબત્ત શહેરના સેકટરોની વસતી મુજબ કોરોના અંગેના ટેસ્ટીંગ થતા નથી. સુત્રો પાસેથી મળતી માહીતી મુજબ શહેરમાં છેલ્લા ૬ દિવસમાં માત્ર ૯૧ ટેસ્ટ જ થયા છે.

જયારે સિવિલ હોસ્પિટલમાં પણ ૪૦ ટેસ્ટ થયા છે. ગાંધીનગરમાં કોરોના પોઝિટીવના પ્રથમ દર્દી સહીત તેનાથી ઈન્ફેકટેડ પરિવારના સભ્યોને પણ રજા આપી દેવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૧૭ કેસ નોંધાયા છે. જયારે જિલ્લામાં બે દર્દીનુ કોરાનાના લીધે મોત નિપજયુ છે. શહેરમાં કોરોના વાયરસના કહેરને ડામવામાં તંત્રને સફળતા મળી છે. પરંતુ હજુ પણ કોરોનાના સંક્રમણનો ખતરો યથાવત છે. હાલ લોકડાઉનની સ્થિતિમાં નગરજનો ઘરની બહાર નિકળતા નથી. ત્યારે સોશિયલ ડીસ્ટન્સીંગનુ પણ યોગ્ય પાલન થાય છે. નગરના શિક્ષિત નાગિરકો પણ મહામારીમાં પુરતી સાવચેતી રાખવાનુ ચુકતા નથી. વારંવાર હાથ ધોવાની સાથે સરકારની ગાઈડલાઈનનુ પણ યોગ્ય રીતે પાલન કરે છે. પરંતુ હજુ તંત્રએ શહેરમાં રેન્ડમ ટેસ્ટીંગ તરફ ધ્યાન આપવાની અનિવાર્યતા છે. જયારે હાલ શહેરમાં છેલ્લા ૬ દિવસમાં માત્ર ૯૧ ટેસ્ટ થયા છે. જે પુરતા નથી. આવા સંજોગોમાં કોરાના સંક્રમિત કોઈ પણ વ્યકિત અન્યને ચેપ ન લગાડે તેમજ તેની પુરતી તકેદારી રાખવા માટે વધુ ટેસ્ટ થાય તેવી વ્યવસ્થા પણ અનિવાર્ય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com